**કપડવંજના મહે. એડીશનલ ચીફ જ્યુડી મેજી. સાહેબની કોર્ટમાં, મુ.કપડવંજ**

ફોજદારી કેસ નં.૩૧૯/૨૦૨૬

આંક:–

**શ્રી સરકાર** ..... ફરીયાદી

વિરૂદ્ધ

**ભદ્રેશ વિનુભાઈ પટેલ,** ..... આરોપી

રહે.કેવડીયા કૈલાશકંપા, તા.કપડવંજ, જી.ખેડા.

**ગુનો: એમ.વી.એક્ટની કલમ–૧૮૫ તથા પ્રોહી એક્ટની કલમ–૬૬(૧)(બી) મુજબ**

**– : ઠરાવ :–**

**૧.** આ કામના આરોપીએ તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ ક.૧૭:૪૦ વાગે મોજે કપડવંજ–દહેગામ રોડ પર નિકોલ ગામની સીમ વિસ્તારમાં લાલ કલરની ઈલેક્ટ્રીક એક્ટીવા પર વગર પાસ પરમીટે દારૂ પીધેલી હાલતમાં જાહેરમાંથી મળી આવી પકડાઈ જઈ ધોરણસરની કાર્યવાહીના અંતે ઉપર મુજબનો ગુનો નોંધવામાં આવેલો છે. ત્યારબાદ તપાસના અંતે આરોપી સામે ચાર્જશીટ રજુ કરી ફોજદારી કેસ નોંધવામાં આવેલ છે.

**૨.** આ કામે આરોપી અદાલત સમક્ષ હાજર થતા આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ અને અદાલત સમક્ષ હાજર થઈ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને ગુના અંગે પુછતા નિવેદન નોંધતા આરોપીએ ગુનો કબુલ કરેલ છે. આ કામના આરોપીએ ગુનો કબુલ કરેલ હોય તેવા સંજોગોમાં હાલના આરોપી સામેનો ગુનો પુરવાર થતો હોય આરોપીને ગુનાની સજા અંગે સમજ કરવામાં આવેલ છે. આરોપીએ પોતાની પુરસીસમાં જણાવેલ હકીકતો ધ્યાને લેતાં તેઓ ગરીબ અને મજુર વર્ગના અને કુટુંબ કબીલાવાળા અને કુટુંબની જવાબદારી વાળા અને એકમાત્ર કમાનાર વ્યક્તિ હોય ગુના બદલ તેને પસ્તાવો થયેલ છે અને તેના પર દયારહેમ રાખવા વિનંતી કરેલી છે.

**૩.** આ કામે હાલના આરોપી સામેના કેસની હકીકતો, રજુઆતો અને કબુલાતના સંજોગો જોતા આ ગુનામાં આરોપીને કસુરવાન ઠરાવવામાં આવે છે. સજાની જોગવાઈ, સંજોગો ધ્યાને લેતાં આરોપીને કસુરવાન ઠરાવવામાં આવે છે. સજાના સંજોગોને ધ્યાને લેતાં આરોપીને પુરેપુરી સજા કરવાને બદલે **નામ. ગુજરાત હાઈકોર્ટના જી.એલ.આર. ૨૦૦૫, પેજ નં.૧૦૯ ઉપરના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી પરમાર ઠકકર** ના ચુકદામાં પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ હળવી સજા કરવાનું ન્યાયોચિત જણાય છે. આમ, સમગ્ર હકીકતો લક્ષમાં રાખી હાલના ઉપર લખ્યા આરોપીને ગુનો કબુલ કરતા હોય ગુનાની કબુલાતના સંજોગોને ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>।।– હુકમ –।।</u>**

આ કામના આરોપી **ભદ્રેશ વિનુભાઈ પટેલ**, રહે.કેવડીયા કૈલાશકંપા, તા.કપડવંજ, જી.ખેડા નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ મુજબ એમ.વી. એક્ટની કલમ–૧૮૫ તથા પ્રોહી. એક્ટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ **રૂા.૧૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા)** દંડ કરવામાં આવે છે, જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો તે બદલ દિન–૦૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–૧૪, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

**કપડવંજ**
**તા.૧૪/૦૩/૨૦૨૬**

**(માયાદેવી આર. શુકલા)**
**એડી. ચીફ જ્યુડી. મેજી., કપડવંજ**
**(જીજે.૦૦૬૮૧)**